# કામચલાઉ મેરિટ યાદી અંગે ઉમેદવારોએ ધ્યાનમાં લેવાની બાબતો

---------------------------------

ડી.એલ.એડ. પ્રથમ વર્ષ પ્રવેશ ૨૦૨૬–૨૭ અન્વયે જાહેર કરવામાં આવેલ કામચલાઉ મેરિટ યાદી અંગે તમામ ઉમેદવારોએ નીચેની સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચી તે અંગે જરૂરી કાર્યવાહી કરવાની રહેશે. અન્યથા ઉમેદવારની પોતાની જવાબદારી રહેશે.

---

વાંધા અરજી/ સુધારા વધારા કરાવવા અરજી **તા.૭/૮/૯–સપ્ટેમ્બર દરમિયાન જે સ્વીકાર કેન્દ્ર ખાતે ફોર્મ જમા કરાવ્યું હતું તે કેન્દ્ર ખાતે અરજી કરવાની રહેશે.**

---

તમામ ઉમેદવારોએ પોતાના Username અને Password નો ઉપયોગ કરી ptc.dpegujarat.in વેબસાઇટ પર લોગ ઈન થઇ પોતાનું કામચલાઉ મેરિટ અને નીચે મુજબની અન્ય વિગતો ચકાસી લેવાની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે. આ અંગે ભવિષ્યમાં આગળ કોઈ પણ પ્રકારની ક્ષતિ જણાશે તો સંબંધિતની ઉમેદવારી રદ કરવામાં આવશે. જે અંગેની તમામ જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.

1. ઉમેદવારનું નામ / સરનામું
2. ઉમેદવારની જાતિ (અનામત કક્ષાના ઉમેદવાર માટે)
3. ઉમેદવાર: પુરૂષ / મહિલા/ અન્ય
4. ઉમેદવાર દિવ્યાંગ હોય તો તેની દિવ્યાંગતાની કેટેગરી અને ટકાવારી
5. ઉમેદવારની જન્મ તારીખ
6. ધોરણ –૧૨/ આઈટીઆઈ/ ડિપ્લોમાં પાસ કર્યાના કુલ ગુણ / મેળવેલ ગુણ / ટકા
7. ધોરણ – ૧૦ અને ૧૨ માં અભ્યાસનું માધ્યમ **(તે જ માધ્યમમાં પ્રવેશ ફાળવવામાં આવશે)**

## (૧) મેરિટમાં કે અન્ય ભૂલ જણાય તો:

મેરિટ ગુણ ચકાસતી વખતે ઉમેદવારના કુલ ગુણ / મેળવેલ ગુણ / ટકામાં કોઈ ભૂલ જણાય, જેમ કે **વાસ્તવિક ટકાવારી કરતાં વધારે કે ઓછી ટકાવારી દર્શાવેલ હોય**, તો

ઉમેદવારે જે સ્વીકાર કેન્દ્ર ખાતે પોતાના દસ્તાવેજોનું વેરિફિકેશન કરાવ્યું હતું, તે જ સ્વીકાર કેન્દ્ર ખાતે **તા.૭/૮/૯–સપ્ટેમ્બર દરમિયાન અરજી કરવાની રહેશે.** વાંધા અરજી સાથે સંબંધિત **અસલ પ્રમાણપત્રો ચકાસણી માટે રજૂ કરી તેની સ્વ–પ્રમાણિત નકલો** જમા કરાવવાની રહેશે. પ્રાપ્ત થયેલ અરજીઓની ચકાસણી કર્યા બાદ ગુણદોષના આધારે પ્રવેશના લાગુ નિયમો અનુસાર જરૂરી સુધારો કરવામાં આવશે અથવા જો વાંધા અરજીમાં રજૂ કરવામાં આવેલ દાવો ઉપલબ્ધ દસ્તાવેજોના આધારે તથ્યપૂર્ણ જણાશે નહીં, તો આવી વાંધા અરજી **નામંજૂર કરવામાં આવશે.**

### (૨) વધારે ટકાવારી દર્શાવેલ હોય અને સુધારો નહી કરાવે તે અંગે:

જો કોઈ ઉમેદવારના વાસ્તવિક કુલ ગુણ / મેળવેલ ગુણ / ટકા કરતાં અરજીમાં વધારે ગુણ દર્શાવવામાં આવેલ હોય અને ઉમેદવાર આ અંગે વાંધા અરજી કરી મેરીટમાં સુધારો કરાવતો ન હોય અને કોલેજ પસંદગી / ફાળવણી બાદ કોલેજ ખાતે હાજર થતી વખતે આ વિસંગતતા ધ્યાને આવશે તો ઉમેદવારનો પ્રવેશ રદબાતલ કરવામાં આવશે અને આ બાબતે ઉમેદવારની કોઈ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

### (૩) ઓછી ટકાવારી દર્શાવેલ હોય અને સુધારો નહી કરાવે તે અંગે:

જો કોઈ ઉમેદવારના વાસ્તવિક કુલ ગુણ / મેળવેલ ગુણ / ટકા કરતાં ઓછા ગુણ દર્શાવવામાં આવેલ હોય અને ઉમેદવાર નિયત સમયમર્યાદામાં વાંધા અરજી કરી તેમાં સુધારો કરાવતો ન હોય, તો કોલેજ પસંદગી / ફાળવણી બાદ આ બાબતે કરવામાં આવતી કોઈપણ અરજી કે રજૂઆત **ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં**.

### (૪) એકથી વધુ ટ્રાયલ હોય તેવા ઉમેદવારો માટે:

જો ઉમેદવારના શૈક્ષણિક પરિણામમાં એકથી વધુ ટ્રાયલ હોય, તો સુધારા અરજી પહેલા મેરીટ ગણતરી કઈ રીતે કરવી તે માટે માર્ગદર્શિકા (વેબસાઇટ પર ઉપલબ્ધ છે) નો અભ્યાસ કરવો. માર્ગદર્શિકા મુજબ મેરિટની ગણતરી કર્યા બાદ પણ જો કોઈ ક્ષતિ જણાય, તો જ નિયત સમયમર્યાદામાં વાંધા અરજી કરવાની રહેશે.

**(૫) ફોર્મ ભરેલ હોય પરંતુ મેરિટમાં નામ ન હોય તો:**

જે ઉમેદવારે અગાઉ ઓનલાઈન ફોર્મ ભરેલ હોય અને સ્વીકાર કેન્દ્ર ખાતે જરૂરી દસ્તાવેજો સાથે ફોર્મ જમા કરાવેલ હોય, પરંતુ કામચલાઉ મેરિટ યાદીમાં તેમનું નામ દર્શાવેલ ન હોય, તેવા ઉમેદવારોએ પોતાના દાવાને સમર્થન આપતા જરૂરી દસ્તાવેજો સાથે **તા.૭/૮/૯–સપ્ટેમ્બર–૨૦૨૬ દરમિયાન** **ડૉ.એ.જે.પીપળીયા, શ્રેયાન અધિક્ષક, ડી.એલ.એડ શાખા, જુના સચિવાલય, બ્લોક–૧૨/૧, સેક્ટર– ૧૦/બી, ગાંધીનગર ખાતે લેખિત રજૂઆત કરવાની રહેશે.(૦૭૯–૨૩૨૫૩૯૭૭/૦૭૯–૨૩૨૫૩૯૭૫/૦૭૯–૨૩૨૪૦૧૭૩)**

**(૬) નિયત સમયમર્યાદાનું પાલન:**

કામચલાઉ મેરિટ યાદી અંગેની વાંધા અરજી/ સુધારા વધારા કરાવવા અરજી **તા.૭/૮/૯–સપ્ટેમ્બર દરમિયાન અરજી કરવાની રહેશે.** વાંધા અરજી/ સુધારા વધારા કરાવવા અરજી **નિયત તારીખ અને સમયમર્યાદા દરમિયાન જ** સ્વીકારવામાં આવશે. નિયત તારીખ અને સમયમર્યાદા પૂર્ણ થયા બાદ કોઈપણ વાંધા અરજી, રજૂઆત કે સુધારા માટેની માંગણી **ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં**.

**(૭ ) જાહેર વિનંતી**

- દરેક ઉમેદવારોને કામચલાઉ મેરિટ યાદી જાહેર થયા બાદ પોતાનું મેરિટ, ગુણ તથા અન્ય વિગતો **કાળજીપૂર્વક ચકાસી લેવી** અને કોઈ ક્ષતિ જણાય તો નિયત સમયમર્યાદામાં જરૂરી પુરાવા સાથે સ્વીકાર કેન્દ્ર ખાતે અરજી કરવા ખાસ વિનંતી કરવામાં આવે છે.

- દરેક ઉમેદવારોને વિનંતી કરવામાં આવે છે કે, કામચલાઉ મેરીટ યાદીની આ જાહેરાત અને તે અંગે સુધારા વધારા કરાવવા અંગેની **આ સુચનાઓની જાણ ડી.એલ.એડ ફોર્મ ભરનાર પોતાના સગા– સંબંધી અને અન્ય મિત્રો– ઉમેદવારને પણ કરે.**

**ખાસ નોંધ:**

**(૧) કામચલાઉ મેરિટ યાદીમાં દર્શાવેલ વિગતો અંગે ઉમેદવાર નિયત સમયમર્યાદામાં વાંધો રજૂ નહી કરે તો તે વિગતો અંગેની સઘળી જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.**

**(૨) જો કોઇ ઉમેદવાર કોઈ માહિતી છુપાવીને પ્રવેશ મેળવશે તો પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવશે .**

**(૩) માન્ય કોલેજની યાદી અને ઓનલાઇન કોલેજ પસંદગી અંગેની તારીખ અને પ્રક્રિયા, ફાઇનલ મેરીટ જાહેર કરવામાં આવશે તેની સાથે સુચનાઓ આપવામાં આવશે.**

---

## કેન્દ્રીય પ્રવેશ સમિતિ આપને શુભેચ્છા પાઠવે છે.

---